PRGI No. GUJGUJ/2016/70752

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 234
Dt.: 29-06-2026,
Monday
Page:04
Rs.00.50 paisa

સંરક્ષણથી યોગ સુધી ગણાવી મોટી સફળતાઓ

મન કી બાતમાં વડાપ્રધાન મોદીનું આત્મનિર્ભર ભારત પર ફોકસ

સમુદ્રથી લઈને આકાશ સુધી ભારતની સુરક્ષા સતત મજબૂત બની રહી છે અને તેમાં સ્વદેશી ટેકનોલોજીની મહત્વપૂર્ણ ભૂમિકા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના મંથલી રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ના ૧૩૫મા એપિસોડમાં દેશની સુરક્ષા, આત્મનિર્ભરતા અને યોગ ક્ષેત્રમાં ભારતની વૈશ્વિક સિદ્ધિઓ અંગે અનેક મહત્વપૂર્ણ વાતો શેર કરી હતી. તેમણે કહ્યું કે, છેલ્લા છ મહિનામાં ભારતે એવા અનેક કાર્યો કર્યા છે, જેના પર દરેક દેશવાસીને ગર્વ થવો જોઈએ. વડાપ્રધાન મોદીએ ખાસ કરીને સ્વદેશી સંરક્ષણ ઉત્પાદન, ભારતીય નૌકાદળની વધતી શક્તિ અને દેશમાં તૈયાર થઈ રહેલા **Made in India C-295** વિમાનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, સમુદ્રથી લઈને આકાશ સુધી ભારતની સુરક્ષા સતત મજબૂત બની રહી છે અને તેમાં સ્વદેશી ટેકનોલોજીની

મહત્વપૂર્ણ ભૂમિકા છે. વડાપ્રધાનનો આ સંદેશ એવા સમયે આવ્યો છે જ્યારે ભારત સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે અને સ્થાનિક સંરક્ષણ ઉદ્યોગને સતત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં માત્ર સંરક્ષણ ક્ષેત્રની સિદ્ધિઓનો જ ઉલ્લેખ નહોતો કર્યો, પરંતુ યોગ, રોજગાર અને સમાજસેવા જેવા વિષયો પર પણ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે, જૂન મહિનામાં ભારતે એવા અનેક માઈલસ્ટોન હાંસલ કર્યા છે, જે દેશની ક્ષમતા અને આત્મવિશ્વાસને વિશ્વ સમક્ષ મજબૂતીથી રજૂ કરે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય નૌકાદળમાં સામેલ થયેલા નવા સ્વદેશી યુદ્ધજહાજો, **C-295** વિમાનની પ્રથમ ઉડાન, વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપમાં ભારતના શાનદાર પ્રદર્શન અને મહારાષ્ટ્રના એક પરિવારની અનોખી સામાજિક પહેલનું ઉદાહરણ આપીને દેશવાસીઓને પ્રેરણા આપી હતી. તેમણે કહ્યું કે, આવા પ્રયાસો વિકસિત ભારતનો મજબૂત પાયો તૈયાર કરી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, "૨૦૨૬નું અડધું વર્ષ પૂર્ણ થવા આવ્યું છે. આ છ મહિનામાં અમે મન કી બાતમાં દેશવાસીઓની અનેક સિદ્ધિઓ અંગે ચર્ચા કરી છે.

જૂન મહિનામાં પણ દેશે કેટલીક એવી સિદ્ધિઓ હાંસલ કરી છે, જે દરેક દેશવાસીને ગર્વથી ભરી દે છે. આ સફળતાઓ દેશની સુરક્ષા અને આત્મનિર્ભરતા સાથે જોડાયેલી છે."

તેમણે તાજેતરમાં કોલકાતામાં યોજાયેલા ભારતીય નૌકાદળના કાર્યક્રમનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, **INS** દૂનાગીરી, **INS** સંશોધક અને **INS** અગ્રયને નૌકાદળના બેડામાં સામેલ કરવામાં આવ્યા છે. વડાપ્રધાને કહ્યું કે, આ યુદ્ધજહાજોની ડિઝાઈનથી લઈને નિર્માણ સુધી બધું જ સ્વદેશી છે. આ ભારતની સંરક્ષણ ઉત્પાદન ક્ષમતા અને આત્મનિર્ભર ભારત અભિયાનની મોટી સિદ્ધિ છે.

PM મોદીએ સંરક્ષણ ક્ષેત્રમાં થયેલી વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે જૂન મહિનામાં વિમાન ક્ષેત્રમાં પણ ભારતે નવી સફળતા મેળવી છે. તેમણે કહ્યું કે, **"Made in India C-295** વિમાને પોતાની પ્રથમ ઉડાન સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આવા ૪૦ વિમાનો ભારતમાં જ બનાવવામાં આવી રહ્યા છે. તેનાથી **MSME** અને એરોસ્પેસ ક્ષેત્રને નવી શક્તિ મળી રહી છે અને રોજગારની તકો પણ વધી રહી છે." વડાપ્રધાન મોદીએ કહ્યું કે આ માત્ર એક વિમાન નથી, પરંતુ ભારતની ટેકનોલોજીકલ ક્ષમતા અને સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાનું પ્રતિક છે.

યોગ અંગે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આ વખતે વિશ્વભરના ૨,૫૦૦થી વધુ સ્થળોએ વિવિધ યોગ કાર્યક્રમો યોજાયા હતા. તેમણે કહ્યું, "આપણા દેશમાં કરોડો લોકોએ વિવિધ સ્થળોએ યોજાયેલા યોગ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. આ મહિને અમદાવાદમાં યોજાયેલી વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપની પણ ખૂબ ચર્ચા થઈ હતી. તેમાં ભારતે કુલ ૧૧૪ પદકો જીત્યા, જેમાં ૧૦૨ સુવર્ણ પદકો સામેલ છે. ભારત આ ચેમ્પિયનશિપની મેડલ ટેબલમાં પ્રથમ સ્થાને રહ્યું." વડાપ્રધાને તેને ભારતની સાંસ્કૃતિક શક્તિ અને વૈશ્વિક નેતૃત્વનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું હતું.

વડાપ્રધાને મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લાના બહાદુરપુરા ગામના પેઠકર પરિવારની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે, પરિવારે લગ્ન પ્રસંગે ગામના લગભગ ૩,૫૦૦ લોકો માટે એક-એક લાખ રૂપિયાનો અકસ્માત વીમો કરાવ્યો છે. મોદીએ કહ્યું કે, ખુશીઓ વહેંચવાનો આ માર્ગ સમાજ માટે પ્રેરણાદાયક છે અને જરૂરિયાતના સમયે અનેક પરિવારોને આર્થિક સહારો આપી શકે છે.

વિદેશ મંત્રાલયે મહત્વની એડવાઈઝરી જાહેર કરી

કૈલાશ માનસરોવર યાત્રા પર નીકળેલા અનેક ભારતીય નાગરિકો નેપાળમાં અટવાયા

પ્રવાસ માટેના તમામ જરૂરી પ્રવાસ દસ્તાવેજો હાથમાં ન આવી જાય, ત્યાં સુધી ભારતમાંથી પોતાની યાત્રા શરૂ ન કરવી

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમંડુ

ખાનગી ટૂર ઓપરેટરો દ્વારા કૈલાશ માનસરોવર યાત્રા પર જઈ રહેલા ભારતીય નાગરિકો માટે વિદેશ મંત્રાલયે **(MEA)** એ એક અત્યંત મહત્વની એડવાઈઝરી જાહેર કરી છે.

મંત્રાલયે જણાવ્યું છે કે પ્રાઈવેટ ટૂર ઓપરેટરો દ્વારા ચીનના જરૂરી એન્ટ્રી પરમિટ અને વિઝા મેળવ્યા વિના જ યાત્રા પર નીકળેલા અનેક ભારતીય નાગરિકો હાલ નેપાળમાં અટવાયા છે. જેમના તરફથી મદદ માટે વિનંતીઓ મળી રહી છે.

હાલ આવા અંદાજે ૫૨ જેટલા ભારતીય શ્રદ્ધાળુઓ નેપાળના કાઠમંડુમાં ફસાયા છે અને આગળની સુરક્ષિત મુસાફરી માટે ભારત સરકારની તાત્કાલિક સહાયની રાહ જોઈ રહ્યા છે.

વિદેશ મંત્રાલયે દેશના નાગરિકોને સ્પષ્ટ સલાહ આપી છે કે જ્યાં સુધી સંપૂર્ણ પ્રવાસ માટેના તમામ જરૂરી પ્રવાસ દસ્તાવેજો (વિઝા અને પરમિટ) હાથમાં ન આવી જાય, ત્યાં સુધી ભારતમાંથી પોતાની યાત્રા શરૂ ન કરવી. અધૂરા દસ્તાવેજો સાથે અથવા વિઝા મળી જશે તેવી આશાએ પ્રવાસ શરૂ કરવાથી અધવચ્ચે અટવાઈ જવાની શક્યતા નોંધપાત્ર રીતે વધી જાય છે. આ ઉપરાંત, મંત્રાલયે શ્રદ્ધાળુઓને ભારપૂર્વક જણાવ્યું છે કે તેઓ જે ટૂર ઓપરેટર સાથે જઈ રહ્યા છે તે સત્તાવાર રીતે રજિસ્ટર્ડ અને પ્રમાણિત છે કે નહીં તેની પણ અગાઉથી ખાતરી કરી લે.

નેપાળમાં ફસાયેલા યાત્રિકોનો આ ગંભીર મુદ્દો નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર)ના સાંસદ સુપ્રિયા સુલેએ શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ **X** પર ઉઠાવ્યો હતો. તેમણે વિદેશ મંત્રાલય અને ભારતીય દૂતાવાસોને તાત્કાલિક દરમિયાનગીરી કરવા વિનંતી કરી હતી.

સુલેએ પોતાની પોસ્ટમાં લખ્યું, "કૈલાશ માનસરોવરની યાત્રાએ ગયેલા આશરે ૫૨ ભારતીય નાગરિકો હાલ કાઠમંડુમાં અટવાયા છે અને તેમને તાકીદની મદદની જરૂર છે. હું વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર, કાઠમંડુ અને બેઈજિંગ સ્થિત ભારતીય દૂતાવાસોને આ બાબતે યોગ્ય પગલાં ભરીને ભક્તોની સુરક્ષિત આગળની યાત્રા સુનિશ્ચિત કરવા અપીલ કરું છું." ઉલ્લેખનીય છે કે, કૈલાશ માનસરોવર યાત્રા ૨૦૨૬ માટે શ્રદ્ધાળુઓનો પ્રથમ જથ્થો ગત ૨૦ જૂનના રોજ ભારત-ચીન સરહદ પર આવેલા નાથુ લા પાસ **(Nathu La Pass)** મારફતે સફળતાપૂર્વક ચીનની સરહદમાં પ્રવેશી ચૂક્યો છે. પરંતુ પ્રાઈવેટ ઓપરેટરો દ્વારા નેપાળ થઈને જતા યાત્રિકો માટે દસ્તાવેજોની પૂર્તતા કરવી અત્યંત જરૂરી છે.

રામ મંદિર દાન ચોરી મામલે મોટી કાર્યવાહી

રામ મંદિર દાન ચોરી મામલે ૮ આરોપીઓના ઘરે પોલીસના દરોડા

પોલીસે ૮૦ લાખથી વધુ રોકડ રિકવર કરી છે : ચંપત રાયના નજીકના સાથી સહિત આરોપીઓની પૂછપરછ

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાં ચઢાવાની ચોરીના મામલામાં પોલીસની તપાસ અત્યંત વેગીલી બની છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના આદેશ પર ગઠિત **SIT** (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) ના પ્રારંભિક અહેવાલ બાદ પોલીસે રવિવારે વહેલી સવારે ધરપકડ કરાયેલા તમામ આઠ આરોપીઓના નિવાસસ્થાને એકસાથે દરોડા પાડ્યા છે. આ અગાઉ પોલીસ આરોપીઓ પાસેથી ૮૦ લાખ રૂપિયાથી વધુની રોકડ રકમ રિકવર કરી ચૂકી છે, અને હવે તેમની સામે મજબૂત કેસ બનાવવા માટે વધુ પુરાવા અને ગુપ્ત મિલકતોની તપાસ થઈ રહી છે.

રામજન્મભૂમિ પોલીસ સ્ટેશનના પ્રભારી નિરીક્ષક સુમિત શ્રીવાસ્તવના નેતૃત્વમાં પોલીસ ટીમોએ રામધામ સ્થિત સ્વર્ગદ્વાર મહોલ્લામાં રહેતા અને ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયના ખૂબ નજીકના ગણાતા રામશંકર યાદવ ઉર્ફે ટિન્નુ, કૌશલપુરીના અનુકલ્પ મિશ્રા અને રુદૌલીના લવકુશ મિશ્રા સહિત તમામ આરોપીઓના આવાસ પર દરોડા પાડ્યા હતા.

ઘણા સ્થળોએ ઘરના દરવાજા ખોલાવવા માટે પોલીસને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. આ દરોડા દરમિયાન પોલીસે આરોપીઓના પરિવારજનો અને પડોશીઓની પણ પૂછપરછ કરીને મહત્વની માહિતી એકત્ર કરી છે. પોલીસ હવે તપાસ કરી રહ્યું છે કે મંદિરમાં નોટો ગણવાની કામગીરીમાં જોડાયા પહેલા આ લોકોની આર્થિક સ્થિતિ કેવી હતી અને હાલ તેમની પાસે કેટલી સંપત્તિ છે.

રામ મંદિર ટ્રસ્ટ દ્વારા નોટોની ગણતરી માટે ખાસ રાખવામાં આવેલા આઠ કર્મચારીઓ- રામશંકર ઉર્ફે ટિન્નુ યાદવ, અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, સુભાષ ચંદ્ર શ્રીવાસ્તવ, કરુણેશ પાંડે, મનિષ યાદવ, અવિનાશ શુક્લા અને રમાશંકર મિશ્રા સામે નામજોગ ફૈંઈ નોંધાવવામાં આવી હતી. ગુનો નોંધાયાના ગણતરીના કલાકોમાં જ પોલીસ આ તમામની ધરપકડ કરી લીધી હતી. બીજી તરફ, આ મામલે એફઆઈઆર નોંધવામાં થયેલા વિલંબને લઈને વિપક્ષી દળો અને સ્થાનિક લોકો સવાલો ઉઠાવી રહ્યા છે. વિપક્ષનું કહેવું છે કે એસઆઈટીની રચનાના એક સપ્તાહ બાદ એફઆઈઆર નોંધવામાં આવી હતી. જેના કારણે આરોપીઓને ચોરીના નાણાં અને દસ્તાવેજો સગેવગે કરવાનો પૂરતો સમય મળી ગયો હશે. આરોપીઓને રિમાન્ડ પર લીધા વિના આટલા દિવસો પછી કરાયેલા દરોડામાં કંઈ ખાસ હાથ લાગશે કે કેમ તે અંગે પણ આશંકાઓ વ્યક્ત થઈ રહી છે. જો કે, અયોધ્યા પોલીસે સ્પષ્ટ કર્યું છે કે કાયદાકીય કડક પગલાં લેવા માટે સાક્ષીઓ વેરિફાય કરવાનું કામ ચાલુ રહેશે.

દેશભરમાં ૪૩% વરસાદની અછત નોંધાઈ

El Ninoની અસરથી ચોમાસું પડ્યું નબળું? દેશમાં ૪૩% ઓછો વરસાદ

હવામાન વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, આ વખતે અલ નીનો સાથે ઈન્ડિયન ઓશન ડાયપોલ પણ ન્યુટ્રલ સ્થિતિમાં છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ગતિ હાલ ધાર્યા કરતાં ઘણી ધીમી છે. ૨૭ જૂન સુધી સમગ્ર દેશમાં સામાન્ય કરતાં લગભગ ૪૩% ઓછો વરસાદ નોંધાયો છે, જેના કારણે હવામાન વૈજ્ઞાનિકોની ચિંતા વધી છે. હવામાન વિભાગ **(IMD)** અગાઉથી જ જૂનથી સપ્ટેમ્બર વચ્ચે સામાન્ય કરતાં ઓછા વરસાદની સંભાવના વ્યક્ત કરી ચૂક્યો છે. હવે નવી ચિંતા એ છે કે આ વખતે હિંદ મહાસાગરમાં ઈન્ડિયન ઓશન ડાયપોલ **(IOD)** પણ ન્યુટ્રલ (તટસ્થ) સ્થિતિમાં છે. સામાન્ય રીતે પોઝિટિવ **IOD** અલ નીનોની નકારાત્મક અસરને અમુક હદ સુધી ઓછી કરવામાં મદદ કરે છે, પરંતુ આ વખતે એવી મદદ મળવાની શક્યતા ઓછી છે. તેના કારણે ખેતી, જળસંગ્રહ અને ખરીફ પાક પર અસર થવાની આશંકા વધી ગઈ છે. જોકે, હવામાન વિભાગનું કહેવું છે કે આગામી મહિને ચોમાસું સમગ્ર દેશમાં ફેલાઈ ગયા બાદ વરસાદના આંકડામાં થોડો સુધારો થઈ શકે છે. અહેવાલ મુજબ, નિષ્ણાતોનું માનવું છે કે, હાલ દુષ્કાળ જાહેર કરવાની સ્થિતિ નથી, પરંતુ જો જુલાઈમાં પણ સામાન્ય કરતાં ઘણો ઓછો વરસાદ રહેશે તો અનેક રાજ્યોમાં સ્થિતિ ગંભીર બની શકે છે. અલ નીનો પહેલાથી જ ચોમાસાને નબળું બનાવી રહ્યો છે અને ન્યુટ્રલ **IOD**ને કારણે તેને કોઈ વધારાની મદદ મળી રહી નથી. આ જ કારણથી વૈજ્ઞાનિકો સમગ્ર ચોમાસાની સિઝન પર સતત નજર રાખી રહ્યા છે. આગામી કેટલાક અઠવાડિયા ખેતી અને જળસંપત્તિ બંને માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે. હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ ભારતના ચોમાસા પર અસર કરનારા બે મુખ્ય પરિબળો અલ નીનો અને ઈન્ડિયન ઓશન ડાયપોલ **(IOD)** છે. અલ નીનો સક્રિય હોય ત્યારે સામાન્ય રીતે ચોમાસું નબળું પડે છે. જો એ જ સમયે પોઝિટિવ **IOD** હોય તો તે વરસાદની ખામીને અમુક હદ સુધી પૂરી કરવામાં મદદરૂપ બને છે, પરંતુ આ વખતે હિંદ મહાસાગરમાં ન્યુટ્રલ **IOD**ની સ્થિતિ છે. તેનો અર્થ એ છે કે તે ચોમાસાને ન તો મજબૂત બનાવશે અને ન તો નબળું પાડશે, જેના કારણે અલ નીનોની અસર વધુ જોવા મળી શકે છે.

૧ જૂનથી ૨૭ જૂન વચ્ચે દેશભરમાં ૪૩% વરસાદની અછત નોંધાઈ છે. અનેક રાજ્યોમાં સ્થિતિ વધુ ગંભીર છે. મેઘાલયમાં ૮૨%, ગુજરાતમાં ૭૯%, મણિપુરમાં ૭૧%, છત્તીસગઢમાં ૬૮%, ઝારખંડમાં ૬૬%, મહારાષ્ટ્રમાં ૫૯%, ઉત્તર પ્રદેશમાં ૫૬%, ઓડિશામાં ૫૨% અને બિહારમાં ૫૦% સુધી વરસાદની અછત નોંધાઈ છે. મધ્ય પ્રદેશમાં પણ ૪૧% ઓછો વરસાદ નોંધાયો છે, જે ખેતીની દૃષ્ટિએ ચિંતાજનક માનવામાં આવે છે. દેશના ચાર મુખ્ય હવામાન વિસ્તારોમાં પણ સામાન્ય કરતાં ઘણો ઓછો વરસાદ થયો છે. મધ્ય ભારતમાં સૌથી વધુ ૫૭% વરસાદની અછત નોંધાઈ છે. ત્યારબાદ પૂર્વોત્તર અને પૂર્વીય ભારતમાં ૪૪%, દક્ષિણ દ્વીપકલ્પીય ભારતમાં ૩૦% અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં ૨૭% ઓછો વરસાદ થયો છે. કર્ણાટક, કેરળ, તમિલનાડુ અને તેલંગાણા જેવા રાજ્યોમાં ચોમાસું પહોંચી ગયું હોવા છતાં અપેક્ષા મુજબ વરસાદ થયો નથી. દિલ્હીમાં પણ ભેજને કારણે લોકોની મુશ્કેલી વધી છે. શનિવારે મહત્તમ તાપમાન ૪૧.૩ ડિગ્રી સેલ્સિયસ રહ્યું, પરંતુ વધુ ભેજને કારણે અનુભવાતું તાપમાન ૫૧.૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હવામાં ભેજ વધતાં ગરમી વધુ અનુભવાઈ રહી છે. જો ટૂંક સમયમાં સારો વરસાદ નહીં પડે તો ઉત્તર ભારતમાં ભેજ અને ગરમીનો પ્રકોપ હજુ થોડા દિવસ યથાવત રહી શકે છે.હવામાન વિભાગનું કહેવું છે કે, હજુ ચોમાસાની આખી સિઝન બાકી છે અને જુલાઈમાં સમગ્ર દેશમાં ચોમાસું સંપૂર્ણ ફેલાયા બાદ વરસાદના આંકડામાં સુધારો થવાની શક્યતા છે. જોકે, અલ નીનોની અસરને ધ્યાનમાં રાખીને વિભાગે અગાઉથી જ સામાન્ય કરતાં ઓછા વરસાદની આગાહી કરી છે. હવામાન વૈજ્ઞાનિકોનું માનવું છે કે, જુલાઈ અને ઓગસ્ટમાં પડનારો વરસાદ જ નક્કી કરશે કે આ ચોમાસું સામાન્ય રહેશે કે દેશને દુષ્કાળ જેવી સ્થિતિનો સામનો કરવો પડશે. હાલ વૈજ્ઞાનિકો સતત વૈશ્વિક હવામાન સંકેતો પર નજર રાખી રહ્યા છે. જો અલ નીનો લાંબા સમય સુધી સક્રિય રહેશે અને **IOD** ન્યુટ્રલ જ રહેશે તો અનેક રાજ્યોમાં ખરીફ પાક, જળાશયો અને પીવાના પાણીના પુરવઠા પર દબાણ વધી શકે છે. જોકે, ચોમાસાની આખી સિઝન પૂર્ણ થયા પછી જ અંતિમ સ્થિતિ સ્પષ્ટ થશે. હાલ ખેડૂતો અને સામાન્ય લોકોની નજર જુલાઈમાં પડનારા વરસાદ પર ટકેલી છે.

તંત્રી લેખ.....

નાગરિકતા પ્રમાણપત્ર

તાજેતરમાં, જ્યારે વિદેશ મંત્રાલયે જણાવ્યું કે પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી, પરંતુ ફક્ત એક મુસાફરી દસ્તાવેજ છે, ત્યારે ચર્ચા શરૂ થઈ. ઘણા લોકો શંકાસ્પદ બન્યા અને પૂછવા લાગ્યા, "જો પાસપોર્ટને નાગરિકતાનો પુરાવો માનવામાં આવતો નથી, તો ભારતીય નાગરિક વિદેશમાં તેમની નાગરિકતા કેવી રીતે સાબિત કરી શકે?" એ નોંધવું જોઈએ કે એવી મજબૂત માન્યતા રહી છે કે પાસપોર્ટ નાગરિકતાનો વિશ્વસનીય પુરાવો છે. આનું કારણ એ છે કે પાસપોર્ટ સંપૂર્ણ ચકાસણી પછી જ જારી કરવામાં આવે છે, અને પાસપોર્ટ વિભાગ ખાતરી કરે છે કે અન્ય દેશોના નાગરિકો ભારતીય પાસપોર્ટ મેળવી શકતા નથી. જો કોઈ ખોટી માહિતી આપીને પાસપોર્ટ મેળવે છે, તો તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે છે. સમસ્યા ફક્ત એ નથી કે પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી. સમસ્યા એ છે કે આધાર, ડ્રાઈવિંગ લાઈસન્સ, મતદાર ઓળખપત્ર અને અન્ય ઘણા દસ્તાવેજોને પણ નાગરિકતાનો પુરાવો માનવામાં આવતા નથી. મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન દરમિયાન, ચૂંટણી પંચે પણ સુપ્રીમ કોર્ટની જેમ જ આ વાત કહી હતી. પાસપોર્ટ મુદ્દા પર વિદેશ મંત્રાલયના સ્પષ્ટીકરણ બાદ, એ સ્પષ્ટ થયું કે પાસપોર્ટ કાયદો પણ જણાવે છે કે પાસપોર્ટ ફક્ત ટ્રાવેલ પરમિટ દસ્તાવેજ છે, નાગરિકતાનું પ્રમાણપત્ર નથી. ૧૯૬૭માં સંસદ દ્વારા પસાર કરાયેલા પાસપોર્ટ કાયદા અનુસાર, કેન્દ્ર સરકાર જાહેર હિતમાં અથવા ખાસ સંજોગોમાં ભારતીય નાગરિક ન હોય તેવા વ્યક્તિઓને પાસપોર્ટ જારી કરી શકે છે. આ કાયદાની જોગવાઈઓના આધારે, બોમ્બે હાઈકોર્ટે પણ એક કેસમાં ચુકાદો આપ્યો હતો કે પાસપોર્ટ નાગરિકતાનું પ્રમાણપત્ર નથી. પાસપોર્ટ મુદ્દે વિદેશ મંત્રાલયના સ્પષ્ટીકરણ પછી, આ બાબતને રાજકીય રંગ આપવાનું કોઈ કારણ નથી. ખાસ કરીને કારણ કે પાસપોર્ટ કાયદો કોંગ્રેસ સરકાર દરમિયાન પસાર થયો હતો. જો પાસપોર્ટ ખરેખર નાગરિકતાનું પ્રમાણપત્ર હોત, તો તે કાયદામાં આ રીતે નોંધાયેલ હોત. નાગરિકતા નાગરિકતા અધિનિયમ, ૧૯૫૫ હેઠળ નક્કી કરવામાં આવે છે. આ કાયદા અનુસાર, નાગરિકતા જન્મ અને વંશ જેવા ચોક્કસ મુખ્ય માપદંડોના આધારે નક્કી કરવામાં આવે છે. ભારતમાં જન્મેલી વ્યક્તિ ભારતીય નાગરિક છે જો બંને માતાપિતા ભારતમાં જન્મ્યા હોય. તેવી જ રીતે, ભારતની બહાર જન્મેલી વ્યક્તિ પણ ભારતીય નાગરિક હોઈ શકે છે જો તેમના જન્મ સમયે, તેમના માતાપિતામાંથી એક ભારતીય નાગરિક હોય. ભારતીય મૂળના વ્યક્તિઓ જે સાત વર્ષથી ભારતમાં રહ્યા છે અથવા ભારતીય નાગરિકો સાથે લગ્ન કર્યા છે તેઓ પણ ભારતીય નાગરિકત્વ માટે પાત્ર છે. ૧૨ વર્ષથી ભારતમાં રહેતા વિદેશી નાગરિકને પણ ભારતીય નાગરિકત્વ આપી શકાય છે. વધુમાં, જો કોઈ નવો પ્રદેશ ભારતનો ભાગ બને છે, તો ભારત સરકાર તે પ્રદેશના લોકોને નાગરિકત્વ આપે છે. વિડંબના એ છે કે, નાગરિકતા કાયદો નાગરિકતા નક્કી કરવાના નિયમોને સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરે છે, પરંતુ તે ભારતીય નાગરિકોને અનન્ય ઓળખ કાર્ડ જારી કરતું નથી, જેમ કે ઘણા દેશોમાં કરવામાં આવે છે. આપણા દેશમાં આવું કરવામાં આવતું નથી, જોકે આ કાયદો ભલામણ કરે છે કે ભારત સરકાર દરેક નાગરિકની ફરજિયાત નોંધણી કરે, રાષ્ટ્રીય ઓળખ કાર્ડ જારી કરે અને નાગરિકતા રજિસ્ટર તૈયાર કરે. ભારતમાં ખૂબ ઓછા લોકો પાસે તેમના માતાપિતાના જન્મ પ્રમાણપત્રો છે. ઘણા લોકો પાસે તેમના પોતાના પણ નથી. તેથી, જો કોઈ કારણોસર અમલદારશાહી કોઈની નાગરિકતા પર પ્રશ્ન ઉઠાવે છે, તો તેમના માટે તે સાબિત કરવું મુશ્કેલ બની જાય છે કે તેઓ ભારતીય નાગરિક છે.

ગાંધીનગર લોકસભા ક્ષેત્ર માટે 'પીએમ ફેમિલી ટ્રેકર' અને 'હેલ્થ પાસપોર્ટ' સેવાનો પ્રાયોગિક પ્રારંભ

"૨૦૧૪ પછી દેશમાં ગરીબ કલ્યાણના એક નવા યુગની શરૂઆત થઈ: વડાપ્રધાનશ્રીના પારદર્શી શાસન થકી? દિલ્હીથી નીકળેલો પૂરેપૂરો રૂપિયો આજે સીધો ગરીબોના બેંક ખાતામાં જમા થાય છે": કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ

દેશના ઈતિહાસમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સર્વાંગી અને સર્વસ્પર્શી વિકાસની નવી વ્યાખ્યા અંકિત કરી છે: કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ

ગાંધીનગર તા.૨૮ જૂન- કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર લોકસભા મતવિસ્તાર માટે એક વિશેષ સંકલિત ડિજિટલ પ્લેટફોર્મ 'પીએમ - ફેમિલી કેર ટ્રેકર' -PM-FCT પાયલોટ પ્રોજેક્ટ કાર્યરત કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું છે કે, વર્ષ ૨૦૧૪ એ ભારતના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ વર્ષ છે. આઝાદીના ૧૦૦ વર્ષનો ઈતિહાસ જ્યારે પણ લખાશે, ત્યારે તેના બે સ્પષ્ટ ભાગ હશે, ૨૦૧૪ પહેલાંનું ભારત અને ૨૦૧૪ પછીનું ભારત. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશની શિક્ષણનીતિ, અર્થતંત્ર અને ઔદ્યોગિક વિકાસ સહિત દરેક ક્ષેત્રમાં દીર્ઘકાલીન આયોજન સાથે આમૂલ પરિવર્તન આવ્યું છે. હવે વડાપ્રધાન શ્રીના પારદર્શી શાસન થકી દિલ્હીથી નીકળેલો રૂપિયો આજે સીધો ગરીબોના બેંક ખાતામાં જમા થાય છે.

ગાંધીનગર લોકસભા ક્ષેત્ર ખાતેથી પ્રાયોગિક ધોરણે 'પીએમ ફેમિલી ટ્રેકર' અને 'હેલ્થ પાસપોર્ટ' યોજનાનો શુભારંભ કરાવતા કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ કોમન આઈડેન્ટિટી સિસ્ટમથી શાસનની કામગીરી વધુ સુદ્રઢ બનશે અને કોઈ પણ પાત્રતા ધરાવતા લાભાર્થી લાભથી વંચિત નહીં રહે.

ગૃહ મંત્રી શ્રી અમિત શાહે ઉત્તર પ્રદેશના પોતાના અનુભવો વણી લેતા દારુણ ગરીબીનો ચિતાર આપ્યો હતો અને ઉમેર્યું હતું કે, મોદી સરકારે દેશના ૭૦ કરોડ ગરીબોને ઘર, વીજળી, નળથી જળ, શૌચાલય, ગેસ સિલિન્ડર, મફત અનાજ અને ૫ લાખ સુધીની મફત સારવાર આપીને પાંચ-પાંચ પેઢીઓનું સપનું માત્ર ૧૨ વર્ષમાં પૂરું કર્યું છે. મહાત્મા ગાંધીના 'રામરાજ્ય'ની વ્યાખ્યાને સાર્થક કરતા તેમણે કહ્યું કે, માત્ર યોજનાઓ બનાવવી પૂરતી નથી, પરંતુ પ્રજાની ચિંતા, કાળજી અને માવજત કરવી તે સાચું શાસન છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ આ જટિલ સિસ્ટમ અને સોફ્ટવેર તૈયાર કરવા બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને સમગ્ર વહીવટી તંત્રની ભારે પ્રશંસા કરી હૃદયપૂર્વક અભિનંદન પાઠવી નવતર પ્રયોગ વિશે માહિતી આપતા જણાવ્યું કે, આ ટ્રેકરના માધ્યમથી જન્મ-મૃત્યુ, સ્વાસ્થ્ય, પોષણ, શિક્ષણ અને સમાજ કલ્યાણ જેવા તમામ વિભાગોના ડેટાબેઝને એક કોમ્પ્યુટર પ્રણાલીમાં સાંકળી લેવાયા છે. કોઈ બાળક રસીકરણથી વંચિત રહી જશે કે કોઈ બાળકી શાળાએ જવાનું બંધ કરશે, તો તુરંત જ સિસ્ટમમાં એલર્ટ થશે. સ્થાનિક અધિકારીઓથી લઈને ધારાસભ્ય અને સાંસદ સુધી નામ ફ્લેશ થતાં જ સ્વયંસેવકો અને તંત્ર બાળકના ઘરે પહોંચી તેની સુવિધા સુનિશ્ચિત કરશે. માતાના ગર્ભથી લઈને ૧૬ વર્ષના બાળક સુધીના સ્વાસ્થ્ય અને પોષણનું આઈટી માધ્યમથી સચોટ ટ્રેકિંગ થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રધાનમંત્રી ફેમિલી કેર ટ્રેકર અને બાળકોના હેલ્થ પાસપોર્ટને દરેક પરિવાર માટે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથેની આરોગ્ય રક્ષાની સંવેદનશીલ અને સુગ્રથિત વ્યવસ્થા ગણાવી હતી.

તેમણે જણાવ્યું કે, આ યોજના ગર્ભથી ગૌરવપૂર્ણ યુવાની સુધી બાળક અને માતાના જીવનને સુરક્ષિત, સ્વસ્થ અને આરોગ્ય સમૃદ્ધ બનાવવાના નવા યુગની શરૂઆત છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વસ્થ નાગરિકને વિકસિત રાષ્ટ્રની સૌથી મોટી શક્તિ ગણાવી છે તેનો વિશેષ ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, તેમના નેતૃત્વમાં આરોગ્ય ક્ષેત્રમાં ભારતે સારવાર આધારિત વ્યવસ્થાથી આગળ વધીને હોલિસ્ટિક હેલ્થ કેરનો અભિગમ અપનાવ્યો છે.

વડાપ્રધાનશ્રીએ પ્રિવેન્ટિવ હેલ્થકેર, પ્રોમોટિવ હેલ્થકેર, એફોર્ડેબલ હેલ્થકેર અને ડિજિટલ હેલ્થકેર એમ ચાર મુખ્ય આધાર સ્તંભથી ૧૪૦ કરોડ દેશવાસીઓના સર્વગ્રાહી આરોગ્ય સુખાકારીની ચિંતા કરી છે એમ શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સ્વસ્થ બાળક - સ્વસ્થ પેઢીનો ઉદ્દેશ પાર પાડવામાં ગુજરાતે માતા અને બાળ આરોગ્ય સંભાળ તથા પોષણ ક્ષેત્રે કરેલી મહત્વપૂર્ણ કામગીરીની ભૂમિકા આપી હતી.

આ સંદર્ભમાં તેમણે નમોશ્રી યોજનામાં જરૂરતમંદ અને સગર્ભા - ધાત્રી માતાઓને રૂ. ૧૨ હજાર સુધીની સહાયની તેમજ જિલ્લાઓમાં ડે કેર સેન્ટર, ડાયાલિસિસ સેન્ટર, કેન્સર સારવાર તથા કાર્ડીયાક સર્જરી અને કિડનીના રોગોની સારવારની ઉપલબ્ધીની વિગતો આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે માતા અને બાળ મૃત્યુદર ઘટાડવામાં, કુપોષણ નિવારવામાં અને અદ્યતન આરોગ્ય રક્ષા કવચની સુવિધા આપવામાં પી.એમ. ફેમિલી કેર ટ્રેકર અને હેલ્થ પાસપોર્ટ નવા માઈલ સ્ટોન પ્રસ્થાપિત કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આજના ગૌરવવંતા કાર્યક્રમમાં સૌનું શાબ્દિક સ્વાગત કરતાં આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ જણાવ્યું હતું કે, ગુજરાત આજે આરોગ્ય ક્ષેત્રે દેશભરમાં મોડેલ રાજ્ય તરીકે પ્રસ્થાપિત થયું છે. વડાપ્રધાનશ્રી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહની પ્રેરણાથી ગુજરાતના આરોગ્ય, મહિલા અને બાળ વિકાસ તેમજ શિક્ષણ વિભાગના સંયુક્ત સમન્વયથી 'પીએમ ફેમિલી કેર ટ્રેકર' પાયલોટ પ્રોજેક્ટની શરૂઆત ગાંધીનગરથી થઈ રહી છે. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ ગુજરાતના આરોગ્ય વિભાગ પર મૂકેલા વિશ્વાસ બદલ આભાર માનતાં તેમણે ઉમેર્યું કે, આ ડિજિટલ પ્લેટફોર્મ માત્ર ગાંધીનગરમાં જ નહીં, પરંતુ સમગ્ર રાજ્યમાં સંવેદનશીલ અભિગમ સાથે સફળતાપૂર્વક કાર્યરત થશે.

આ પ્રોજેક્ટ હેઠળ રાજ્યનું એક પણ બાળક રસીકરણથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરાશે. બાળકના જન્મથી જ એક વિશેષ કાર્ડ બનશે, જેમાં તેના ૧૮ વર્ષ સુધીના આનુવંશિક અને અન્ય રોગોના નિદાન તથા સારવારની વિગતો ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ રહેશે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, સમગ્ર રાજ્યમાં ત્રણ દિવસીય પોલિયો નાબૂદી અભિયાન શરૂ થઈ રહ્યું છે ત્યારે ભારત સત્તાવાર રીતે પોલિયો મુક્ત બન્યું છે તે ગૌરવની વાત છે. કોરોના મહામારીમાં પણ સરકારે છેવાડાના વ્યક્તિ સુધી શ્રેષ્ઠ સારવાર પહોંચાડી હતી. ૧૧ પ્રકારના ગંભીર રોગો સામે રક્ષણ આપતી રસીથી એક પણ બાળક વંચિત ન રહે તે માટે આરોગ્ય વિભાગ સંપૂર્ણ કટિબદ્ધ છે અને આ પ્રકલ્પને 'અંત્યોદય' સુધી પહોંચાડવા મજબૂત સંકલ્પબદ્ધ છે.

ઉલ્લેખનીય છે કે,આ વિશેષ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે પ્રધાનમંત્રી ફેમિલી કેર ટ્રેકર' યોજનાના પ્રથમ ત્રણ લાભાર્થીઓને સત્તાવાર ડિજિટલ પત્રક એનાયત કરીને પ્રોજેક્ટની સફળ શરૂઆત કરાવવામાં આવી હતી. તેમણે બાળકોને પોલિયોના ટીપાં પીવડાવ્યા હતા. આ સાથે જ કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીના હસ્તે બાળકો, ધાત્રી માતાઓ અને સગર્ભા મહિલાઓને ન્યુટ્રિશન કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય સુરક્ષાના આ મહત્વપૂર્ણ અભિયાન અંતર્ગત, મંત્રીશ્રી દ્વારા 'હેલ્થ પાસપોર્ટ' જારી કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગાંધીનગર સ્માર્ટ સિટી બનવા તરફ વધુ એક ઐતિહાસિક કદમ આગળ વધારતા **PM eBus Sewa**નું પણ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, મેયર શ્રી મીરાબેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રાજેશ પટેલ, ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, કેન્દ્રીય ગૃહ સચિવ શ્રી ગોવિંદ મોહનજી, આંતરરાજ્ય પરિષદના સચિવ શ્રી આશિષકુમાર શ્રીવાસ્તવ, મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસ, અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપના વગેરે પદાધિકારીઓ, અધિકારીઓ તથા બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે કહ્યું છે કે તેઓ આ જ વર્ષે બાંગ્લાદેશ પરત ફરી જશે : તેમણે અવામી લીગને માત્ર એક પક્ષ નહીં, પરંતુ પોતાની તાકાત ગણાવી

પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ સ્વદેશ વાપસીની જાહેરાત કરી: બાંગ્લાદેશ પરત ફરવાનો પ્લાન જણાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન અને બે વર્ષ પહેલા થયેલા સત્તા પરિવર્તનને કારણે પોતાનો દેશ છોડીને ભારત આવેલા શેખ હસીનાએ વાપસીને લઈને મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું છે કે તેઓ આ જ વર્ષે બાંગ્લાદેશ પરત ફરી જશે. તેમણે અવામી લીગને માત્ર એક પક્ષ નહીં, પરંતુ પોતાની તાકાત ગણાવી. બાંગ્લાદેશમાં વર્ષ ૨૦૨૪ના મધ્યમાં મોટા પાયે વિરોધ અને હિંસા થઈ હતી, જે બાદ ભીડ વડાપ્રધાન આવાસ સુધી પહોંચી ગઈ હતી. જેના કારણે તેમણે પોતાનો દેશ છોડીને ભાગવું પડ્યું હતું અને ભારત સાથે સારા સંબંધો હોવાને કારણે તેઓ ત્યારથી નવી દિલ્હીમાં રહી રહ્યા છે. હસીનાએ સ્પષ્ટ કરી દીધું છે કે આ વર્ષના અંતમાં તેઓ બાંગ્લાદેશ પરત ફરી જશે. હસીનાને બાંગ્લાદેશમાં ફાંસીની સજા મળેલી છે. શેખ હસીનાના ભારત આવ્યા બાદ તેમને વડાપ્રધાન પદ પરથી પણ હટાવી દેવામાં આવ્યા હતા. તેમની સામે સ્થાનિક સ્તરે ભારે રોષ હતો. જો કે, બાદમાં આખી દુનિયાને ખબર પડી ગઈ કે તે આંદોલન બાંગ્લાદેશના ભલા માટે નહીં, પરંતુ તેને વધુ કટ્ટરતા તરફ લઈ જવા માટે જ હતું. હસીના પછી મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકાર ચાલી, જેમાં જોરદાર રમખાણો થયા. હિન્દુઓને ભારે પ્રતાડિત કરવામાં આવ્યા. કેટલાયને તો જીવતા જ મારી નાખવામાં આવ્યા અને મોટાભાગના લોકોના મંદિરો, ઘરોને પણ નુકસાન પહોંચાડવામાં આવ્યું. આ વર્ષે ફેબ્રુઆરીમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં બાંગ્લાદેશને યુનુસથી મુક્તિ મળી અને તારિક રહમાન નવા વડાપ્રધાન બન્યા. આ પછી, ભારત અને બાંગ્લાદેશના સંબંધો સુધરવા લાગ્યા છે. ખાનગી ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં જ્યારે શેખ હસીનાને પૂછવામાં આવ્યું કે તમે ઘણી વખત સંકેત આપ્યા છે કે તમે ટૂંક સમયમાં બાંગ્લાદેશ પરત ફરી શકો છો, તો તેના પર તેમણે જવાબ આપ્યો- મારી વાપસી કોઈ વ્યક્તિગત મહત્વાકાંક્ષાનો સવાલ નથી. આ એક બહુ મોટા સવાલ સાથે જોડાયેલું છે.

બહુચરાજી પંથકમાં બિસ્માર રસ્તાઓને લઈને સ્થાનિકોમાં ભારે આક્રોશ

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

મહેસાણાના બહુચરાજી પંથકમાં બિસ્માર રસ્તાઓને લઈને સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. રામપુરાથી રાંતેજને જોડતો રોડ અત્યંત બિસ્માર હાલતમાં હોવાના કારણે વિદ્યાર્થીઓ, ખેડૂતો અને ગ્રામજનો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. હાલમાં આ રસ્તા પર ડામરની જગ્યાએ માત્ર મસમોટા ખાડા અને કપચીઓ જ જોવા મળી રહી છે. રસ્તાની આ ખરાબ સ્થિતિના કારણે એસટી **(ST)** બસની સુવિધા પણ પ્રભાવિત થઈ છે. પરિણામે રામપુરા, કાનપુરા, તેજપુરા અને રાંતેજ ગામના લોકોની માગ છે કે, વહીવટી તંત્ર સત્વરે આ રસ્તાનું સમારકામ કરે અને બહુચરાજી સુધીની **ST** બસ સેવા તાત્કાલિક ધોરણે શરૂ કરે. આ બધા વચ્ચે ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે કે, જો વહેલી તકે રસ્તાનું કામ પૂરું કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

મહારાષ્ટ્રમાં ભયાનક અકસ્માત: કન્ટેનર પાછળ કાર ઘૂસી જતાં એક જ પરિવારના ૫ સભ્યોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરાવતી

મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં એક ભયાનક અકસ્માતે પાંચ જીવ લઈ લીધા છે. હાઈવે પર ફુલ સ્પીડે દોડતી કાર રોડની સાઈડમાં ઊભેલા કન્ટેનરની પાછળ જોરદાર અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારના ટુકડે-ટુકડા થઈ ગયા હતા અને અંદર સવાર એક જ પરિવારના પાંચ સભ્યોના ઘટના સ્થળે જ દુઃખદ મોત થયા હતા. મૃતકો તમામ ચંદ્રપુર જિલ્લાના વતની હતા. તેઓ કોઈ પારિવારિક પ્રસંગ માટે અકોલા જઈ રહ્યા હતા. મૃતકોની ઓળખ ભાસ્કર જીવણે (ઉં.વ ૫૭ વર્ષ), મહાદેવ જીવણે (ઉં.વ ૪૨ વર્ષ), આરતી જીવણે (ઉં.વ ૪૦ વર્ષ), લતા જીવણે (ઉં.વ ૪૩ વર્ષ) અને કૃષ્ણા જીવણે (ઉં.વ ૧૨ વર્ષ) તરીકે થઈ છે. આખો પરિવાર એકસાથે મુસાફરી કરી રહ્યો હતો, પરંતુ એક જ ક્ષણમાં તેમની સફર અને જીવન સમાપ્ત થઈ ગયું. પ્રત્યક્ષદર્શીઓના કહેવા પ્રમાણે, મારુતિ સુઝુકી ઈગ્નિસ કાર ફુલ સ્પીડમાં હતી. તે રોડની સાઈડમાં પાર્ક કરેલા કન્ટેનરની પાછળ અથડાઈ હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે કારમાં સવાર તમામ લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. આ દુર્ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. કારમાં સવાર તમામ મુસાફરોને કારમાંથી બહાર કાઢીને ધામણગાંવ ગ્રામીણ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પર હાજર ડોક્ટરોએ પાંચેયને મૃત જાહેર કર્યા હતા.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

૨૦૩૦ સુધીમાં દેશમાં બાયોટેકનોલોજી અને બાયોમેન્યુફેક્ચરિંગનું હબ બનવાનું ગુજરાતનું લક્ષ્ય

ગાંધીનગર: ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂટ ફોર ટ્રાન્સફોર્મેશન **(GRIT)** દ્વારા તૈયાર કરવામાં આવેલા નવા અહેવાલ અનુસાર, ગુજરાત ૨૦૩૦ સુધીમાં કુશળ માનવબળ વિકાસ, વિશેષ શિક્ષણ અને ઉદ્યોગલક્ષી કૌશલ્ય નિર્માણ પર કેન્દ્રિત મહત્ત્વાકાંક્ષી વ્યૂહરચના ની મદદથી ભારતનું બાયોટેકનોલોજી અને બાયોમેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનું અગ્રણી કેન્દ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે.

'ગુજરાત બાયો-ઈકોનોમી ૨૦૩૦: સ્ટ્રેટેજિક સ્કિલ આર્કિટેક્ચર એન્ડ વર્કફોર્સ ડેવલપમેન્ટ' શિર્ષક ધરાવતા આ અહેવાલ અનુસાર, ભારતની બાયો-ઈકોનોમી ૨૦૧૪માં લગભગ ૧૦ અબજ ડૉલરથી વધીને ૨૦૨૪માં ૧૫૦ અબજ ડૉલરથી વધુ થઈ ગઈ છે. કેન્દ્ર સરકારની **BioE3 Policy (Biotechnology for Economy, Environment and Employment)**ના સમર્થન સાથે દેશે દાયકાના અંત સુધીમાં ૩૦૦ અબજ ડૉલરની બાયો-ઈકોનોમીનું લક્ષ્ય નક્કી કર્યું છે, જેમાં ગુજરાતની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ રહેશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત આગામી વર્ષોમાં દેશના બાયો-ઈકોનોમી ક્ષેત્રમાં અગ્રણી રાજ્ય તરીકે ઉભરી આવવા માટે સજ્જ છે. ગુજરાત હાલમાં ભારતના કુલ ફાર્માસ્યુટિકલ ઉત્પાદનનો આશરે ૪૦ ટકા હિસ્સો ધરાવે છે તેમજ દેશના અગ્રણી કેમિકલ ઉત્પાદન કેન્દ્રોમાંનું એક છે.

ભારતનું વ્યૂહાત્મક લક્ષ્ય : ૩૦૦ અબજ ડૉલરની બાયો-ઈકોનોમી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની બાયો-ઈકોનોમીએ નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી છે. ૨૦૧૪માં લગભગ ૧૦ અબજ ડૉલરથી વધીને ૨૦૨૪માં તે ૧૫૦ અબજ ડૉલરથી વધુ થઈ ગઈ છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ૩૦૦ અબજ ડૉલરની બાયો-ઈકોનોમીનું રાષ્ટ્રીય લક્ષ્ય માત્ર મહત્ત્વાકાંક્ષા નથી, પરંતુ સ્થાનિક માંગ અને નિકાસની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલું આર્થિક આયોજન છે.

વૃદ્ધિને ગતિ આપતા મુખ્ય પેટા-ક્ષેત્રો આ મુજબ છે:

- બાયોફાર્મા (૩૫%) : રસી, થેરાપ્યુટિક્સ અને ડાયગ્નોસ્ટિક્સનું પ્રભુત્વ. ભારત વિશ્વભરમાં વિવિધ રસીઓની કુલ માંગના ૩૫ ટકાથી વધુ પુરવઠો સપ્લાય કરે છે. **mRNA** અને વાયરલ વેક્ટર જેવી નવી ટેક્નોલોજીના વિકાસ સાથે આ ક્ષમતા વધુ વિસ્તરવાની શક્યતા છે.
- બાયો-ઈન્ડસ્ટ્રીયલ (૪૭%) : ઈથેનોલ મિશ્રણ (૨૦ ટકાનું લક્ષ્ય સમય પહેલાં હાંસલ) અને બાયો આધારિત રસાયણોના વધતા ઉપયોગને કારણે ફર્મેન્ટેશન ટેક્નોલોજીના નિષ્ણાતોની માંગમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે.
- બાયો-એગ્રીકલ્ચર (૮%) : આબોહવા પરિવર્તનથી ખાદ્ય સુરક્ષાને પડકાર ઊભા થતાં **CRISPR** આધારિત પાક અને બાયો-ફર્ટિલાઈઝર જેવી ટેક્નોલોજી હવે પ્રયોગશાળાથી ખેતર સુધી પહોંચી રહી છે.

કેન્દ્ર સરકારની **BioE3 Policy (BiOechnology for Economy, Environment and Employment)**માં ઉચ્ચ કાર્યક્ષમ બાયોમેન્યુફેક્ચરિંગ માટે કુશળ માનવબળની જરૂરિયાત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. પોલીસી ડોક્યુમેન્ટ અનુસાર યોગ્ય પ્રતિભા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી ક્ષમતા મહત્તમ ઉપયોગ શક્ય બનશે.

ગુજરાતના નીતિ નિર્ધારણ માં વ્યૂહાત્મક પરિવર્તન : ઔદ્યોગિક શક્તિથી બાયો-ઈકોનોમી તરફ

ગુજરાત દેશનું મહત્વનું ઔદ્યોગિક રાજ્ય ગણાય છે. રાજ્ય ભારતના કુલ ફાર્માસ્યુટિકલ ઉત્પાદનના આશરે ૪૦ ટકા હિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે અને કેમિકલ પ્રોસેસિંગ ક્ષેત્રમાં પણ અગ્રેસર છે. ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલોજી પોલિસી ૨૦૨૨-૨૭ રાજ્યની ઔદ્યોગિક ક્ષમતાને બાયો-ઈકોનોમીમાં રૂપાંતરિત કરવાની સ્પષ્ટ દિશા દર્શાવે છે. રાજ્યનું લક્ષ્ય માત્ર જેનરિક દવાઓના ઉત્પાદનથી આગળ વધી નવીન બાયોલોજિક્સના વિકાસમાં અગ્રેસર બનવાનું છે.

GRITના અહેવાલમાં જણાવાયું છે કે ગુજરાત પાસે ઔદ્યોગિક વિકાસનો આધાર , વિશાળ ઉત્પાદક ક્ષમતા, સંશોધન સંસ્થાઓ, પ્રગતિશીલ નીતિઓ, ૧,૬૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો અને વૈવિધ્યસભર કૃષિ ક્ષેત્ર જેવા તમામ જરૂરી પરિબળો ઉપલબ્ધ હોવાથી રાજ્ય વૈશ્વિક બાયો-ઈકોનોમી ક્ષેત્રમાં અગ્રણ



મધ્ય ગુજરાત

29th | 30th JUNE 2026

ક્ષેત્રીય આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓ

કેન્દ્રિત ક્ષેત્રો

- સેમિકંડકટર અને ઇલેક્ટ્રોનિક્સ
- કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ
- ગ્રીન એનર્જી ઇકોસિસ્ટમ
- ઑટો અને ઑટો કોમ્પોનન્ટ્સ
- કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ
- એરોસ્પેસ અને ડિફેન્સ
- ટુરિઝમ અને કલ્ચર
- સ્ટાર્ટઅપ્સ અને MSMEs
- IT અને ITeS
- બાયોટેક
- ફાર્માસ્યુટિકલ્સ
- ફિનટેક
- કૌશલ્ય વિકાસ
- એજ્યુકેશન

કૉન્ફરન્સની વિશેષતાઓ

- ઉદ્ઘાટન સમારોહ
- પેનલ ચર્ચાઓ
- B2B/B2G મીટિંગ્સ
- સેક્ટર-સ્પેસિફિક સેમિનાર
- રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ
- વિશેષ પ્રવાસ/ઔદ્યોગિક ક્ષેત્રોની મુલાકાત
- રાષ્ટ્રવ્યાપી સેમિનાર
- રિવર્સ બાયર-સેલર મીટ
- વિક્રેતા વિકાસ કાર્યક્રમ
- પ્રાદેશિક પુરસ્કારો (MSMEs/કારીગર-કસબી)
- ઉદ્યમી મેળો
- સમાપન સત્ર
- પ્રાદેશિક MSME કૉન્ક્લેવ
- ટ્રેડ શો/પ્રદર્શન

ભવ્ય ઉદ્ઘાટન
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના

વરદ હસ્તે

ગરિમામયી ઉપસ્થિતિ

શ્રી મનોહર લાલ

માનનીય કેન્દ્રીય મંત્રી, વિદ્યુત, આવાસ અને શહેરી બાબતો, ભારત સરકાર

શ્રી હર્ષ સંઘવી

માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

29 જૂન 2026, સોમવાર | સવારે 10:30 વાગે

GSFC યુનિવર્સિટી, વડોદરા, ગુજરાત

"વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સથી ગુજરાતના ઔદ્યોગિક ઉત્કર્ષની નવી દિશા ખુલશે."
- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન | 29 જૂન થી 3 જુલાઈ, 2026 | સવારે 10:00 થી સાંજે 6:00 વાગ્યા સુધી

વેબસાઈટ પર પહોંચવા માટે સ્કેન કરો

ભાગીદાર દેશ: Japan, Rwanda, UAE, Ukraine

ભાગીદાર સંસ્થાઓ: JETRO, US-INDIA, AMCHAM INDIA, FEBI, IICCI, FINCHAM INDIA, kotra, icbc, U.S.-India Business Council, UIBC, ACMA

લોકેશન પર પહોંચવા માટે સ્કેન કરો

લાઈવ પ્રસારણ: CMOGuj | CMOGuj | CMOGujarat | CMOGujarat | vibrantgujarat | vibrantgujarat | vibrant_gujarat | vibrantgujarat

ગુજરાત લોકભવન ખાતે આયોજિત ઐતિહાસિક શ્રીરામકથાનું સમાપન

સાચા પુરુષાર્થી માટે આ દુનિયામાં કોઈ પણ કાર્ય અશક્ય નથી - આચાર્ય શ્રી કુલદીપજી મહારાજ



ગુજરાત લોકભવન ખાતે આયોજિત ઐતિહાસિક આઠ દિવસીય શ્રીરામકથાનું અત્યંત ભક્તિમય, ઉલ્લાસપૂર્ણ અને ભાવુક વાતાવરણમાં ભવ્ય સમાપન થયું. કથાના આઠમા અને અંતિમ દિવસે સુપ્રસિદ્ધ કથાવાચક આચાર્ય શ્રી કુલદીપજી મહારાજે શ્રી હનુમાનજીના અજોડ શૌર્ય, રામ-રાવણ યુદ્ધ અને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે થયેલા શ્રીરામના રાજ્યાભિષેકનું અત્યંત વિસ્તૃત અને માર્મિક વર્ણન કર્યું હતું. કથાના આઠમા દિવસનો પ્રારંભ કરતા આચાયશ્રીએ શ્રી હનુમાનજીની મહિમાનું વર્ણન કર્યું. તેમણે કહ્યું કે સાચા પુરુષાર્થી માટે આ દુનિયામાં કોઈ પણ કાર્ય અશક્ય નથી. સમસ્યા ગમે તેટલી મોટી કેમ ન હોય, બજરંગબલીએ પોતાના પુરુષાર્થ અને શ્રીરામના આશીર્વાદથી માતા સીતાની શોધનું કઠિન કાર્ય પણ સહજતાથી પૂર્ણ કર્યું. લંકામાં જઈને તેમણે શ્રીરામના નામનો જે ઝંડો લહેરાવ્યો, તે આજે પણ આપણને ગર્વથી ભરી દે છે. આચાયશ્રીએ વિશેષ રૂપે હનુમાનજીની વિનમ્રતાનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે આટલી મોટી સફળતા પ્રાપ્ત કર્યા પછી પણ, તેમણે આનો સંપૂર્ણ શ્રેય શ્રીરામને અર્પણ કર્યો. સમુદ્ર પર સેતુ બાંધીને લંકા પર ચઢાઈના પ્રસંગનું વર્ણન કરતા મહારાજશ્રીએ કહ્યું કે દુષ્ટતા ગમે તેટલી વિશાળ કેમ ન હોય, અંતે સજ્જનતા સામે તેનો પરાજય નિશ્ચિત છે. રાવણને દુષ્ટતાનું પ્રતીક ગણાવતા તેમણે રામ-રાવણ યુદ્ધનો અત્યંત આધ્યાત્મિક અને માર્મિક પ્રસંગ સંભળાવ્યો. જ્યારે વિભીષણે ગભરાઈને શ્રીરામને કહ્યું કે રાવણ પાસે અજેય રથ અને ખતરનાક અસ્ત્ર-શસ્ત્ર છે, તો આપ રથ વિના આ યુદ્ધ કેવી રીતે જીતી શકશો? ત્યારે ભગવાન શ્રીરામે વિભીષણને સમજાવતા જીવનનું એક બહુ મોટું દર્શન આપ્યું. શ્રીરામે કહ્યું: વિભીષણ! જેનાથી વિજય થાય છે, તે રથ કોઈ બીજો છે. હું ધર્મ રૂપી રથ પર સવાર છું. ભગવાનનું નામ હંમેશા મારી રક્ષા કરે છે અને યમ-નિયમ રૂપી ઘોડા મારા આ રથમાં જોડાયેલા છે. આચાયશ્રીએ આગળ જણાવ્યું કે, પોતાના ધર્મ રૂપી રથ પર સવાર શ્રી રઘુવીરે અંતે રાવણનો વધ કર્યો અને માતા સીતાને પૂરા સન્માન સાથે પાછા લાવવામાં આવ્યા. વિભીષણને લંકાના રાજા બનાવીને ૧૪ વર્ષના વનવાસ સમાપ્ત કરી શ્રીરામે અયોધ્યા તરફ પ્રયાણ કર્યું. શ્રીરામના આગમનના સમયે અયોધ્યાને દુલ્હનની જેમ શણગારવામાં આવી અને ભવ્ય દીપોત્સવ મનાવવામાં આવ્યો. કથાના અંતિમ ચરણમાં, વેદોના પવિત્ર મંત્રોના ઉચ્ચારણ વચ્ચે શ્રીરામનો રાજ્યાભિષેક સંપન્ન થયો. સિયાવર રામચંદ્ર કી જય અને જય શ્રીરામના ગગનભેદી જયઘોષ સાથે આઠ દિવસો સુધી ચાલેલી આ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની ગંગાનું વિધિવત સમાપન થયું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજી, વન-પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, વન-પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી પ્રવીણભાઈ માળી, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ શ્રી હિમાંજય પાલિવાલ, ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ, અગ્રણી ઉદ્યોગપતિ શ્રી ગોવિંદભાઈ વરમોરા, મહારાષ્ટ્ર લોકભવનના અગ્ર સચિવ ડૉ. પ્રશાંત નારનવરે, પૂર્વ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ ડૉ. હર્ષદભાઈ પટેલ આમંત્રિત મહેમાનો, લોકભવન પરિવાર તથા મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓએ કથાનું શ્રવણ કરી પોતાના જીવનને કૃતાર્થ કર્યું.

છેલ્લા ૨૨ વર્ષથી ક્યારેય બેઠા નથી એવા

આ છે ૭૫ વર્ષના ખડેશ્વર બાબા જે હવે નીકળ્યા છે એક હજાર કિલોમીટરની દંડવત યાત્રા પર

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

રાજસ્થાનનો શેખાવતી વિસ્તાર અનોખી સંસ્કૃતિ તથા વીરો અને ચમત્કારી સંતોની તપોભૂમિ તરીકે જાણીતો છે. ત્યાંના સીકર જિલ્લાના દાંતા રામગઢ ના તહસીલના બાય ગામના રહેવાસી સંત શંકરદાસ મહારાજ, જેમને ભક્તો "ખડેશ્વર બાબા" તરીકે ઓળખે છે.તેઓ પોતાના અનોખા સંકલ્પ ને કારણે આ દિવસોમાં દેશભરમાં ચર્ચાનો વિષય બન્યા છે. બાબા તાજેતરમાં જ સંપન્ન થયેલી નિર્જળા એકાદશીના દિવસે માતા વૈષ્ણોદેવી ના દર્શન માટે આશરે એક હજાર કિલોમીટર લાંબી અત્યંત કઠિન દંડવત યાત્રા પર નીકળ્યા છે બાબા આખુ અંતર જમીન પર સૂઈને એટલે કે દંડવત પ્રણામ કરતાં કરતાં કાપશે. સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા અનુસાર ગાયને રાષ્ટ્રમાતાનો દરજ્જો અપાવવાની પોતાની મુખ્ય માંગણીને લઈને તેમણે બાવીસ વર્ષ પહેલા બેસવાનું અને હવે સૂવાનું સંપૂર્ણપણે છોડી દીધું છે.

ત્યારથી તેઓ ચોવીસે કલાક સતત ઊભા રહીને જ પોતાની દૈનિક ક્રિયાઓ અને પ્રભુ સાધના કરે છે.આજ કારણે લોકો તેમને શ્રધ્ધાથી ખડેશ્વર બાબા કહે છે.

ગરીબ દેશોમાં ધર્મોની બોલબાલા કેમ?

શું ગરીબી અને ધર્મનો અતૂટ સંબંધ છે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

વિશ્વમાં પછાત અને ગરીબ દેશોમાં ધર્મોની બોલબાલા વધારે છે. જેવાકે પાકિસ્તાન, બાંગ્લાદેશ, ભારત,શ્રીલંકા, ઈન્ડોનેશિયા, અફઘાનિસ્તાન, નાઈજીરિયા, ઈથોપિયા વિગેરે વિગેરે દેશો કે જ્યાં શિક્ષણનો અભાવ છે.ત્યાં ધર્મની બોલબાલા છે.

જ્યારે બીજીતરફ જ્યાં શિક્ષણનું સ્તર ઊંચું છે એવા વિકસિત દેશોમાં બુધ્ધિજીવી લોકો અને શિક્ષિત પ્રજાની સંખ્યા વધુ છે. કારણકે બુધ્ધિજીવી લોકો ખાસ કરીને ધર્મો ના પ્રભાવથી દૂર રહે છે. આ બાબતે વર્લ્ડ લેવલ ઉપર થયેલા અભ્યાસ મુજબ કેનેડાના ૭૩% લોકો, સ્પેનના ૭૮% લોકો, ફ્રાન્સના ૮૮% લોકો , નોર્વેના ૮૧% અને ઓસ્ટ્રેલિયા ના ૮૨% લોકો ધર્મને પોતાના જીવનમાં મહત્વપૂર્ણ નથી માનતા.

પરંતુ એટલું જ નહીં જ્યારે ઈંગ્લેન્ડ, જર્મની, સ્વીડન જાપાન અને ચાઇના સહિત ના ૯૦% લોકો ધર્મોથી દૂર થઈ રહ્યા છે. હવે અહીં સવાલ એ ઉભો થાય છે કે આવું કેમ થઈ રહ્યું છે? આના મુખ્ય બે કારણો છે. વિજ્ઞાન અને ભણતર. જો વિજ્ઞાનની દ્રષ્ટિએ જોઈએ તો જે પ્રશ્નોના ઉત્તર પહેલા ધર્મમાં મળતો હતો એનો સાચો જવાબ હવે વિજ્ઞાન આપી રહ્યો છે. કારણ કે પહેલા જ્યારે પૂછવામાં આવતો હતું કે વરસાદ કેવી રીતે પડી રહ્યો છે? ત્યારે ધર્મ કહેતો હતો કે એ તો ઈન્દ્રદેવતા વરસાદ વરસાવી રહ્યા છે. જ્યારે વિજ્ઞાને એ બાબતે સંશોધન કરી સાચો જવાબ આપી દેતું થતાં ભણેલા લોકોના ધર્મ પ્રત્યેનો ભ્રમ દૂર થઈ ગયો. જે પૂજા અર્ચના થી વરસાદની વાત કરાતી હતી.

જો ધર્મ ભરી અને બ્રહ્મ ઉપર ટકેલો છે એ હવે વિજ્ઞાન અને શિક્ષણને કારણે સમાપ્ત થઈ રહ્યો છે. હવે જો શિક્ષણની વાત કરીએ તો બુદ્ધિ જીવી લોકોએ પણ જોઈ રહ્યા છે કે જ્યાં સુધી સમાજમાં નૈતિકતાની વાત છે ત્યાં સુધી નૈતિકતાનો સંબંધ શિક્ષણની સાથે છે ધર્મની સાથે નહીં. જેમકે પહેલા ના જમાનામાં દેવી-દેવતાઓને ખુશ કરવા માટે પશુઓ અને માનવ બલિ ચઢાવવામાં આવતો હતો. જે એક અનૈતિક કાર્ય હતું. અને એ ધર્મના નામ ઉપર ચાલી રહ્યું હતું. પછી જેમ જેમ શિક્ષણનું સ્તર વધ્યું અને સમજ આવી એમ એમ આવી ઘણી પ્રથાઓ બંધ થવા લાગી. અને એવું જ અભ્યાસમાં તારણ નીકળ્યું છે કે જે દેશોમાં શિક્ષણનું સ્તર ઊંચું છે એવા દેશોમાં ધર્મની બોલ બાલા ઓછી છે. ક્રાઈમ રેટ પણ ઓછો છે અને નૈતિકતાનું સ્તર પણ ઊંચું છે.

એનાથી એ સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે કે ગરીબ અને પાછા દેશોમાં ધર્મની બોલબાલા વધુ છે. એટલે કે ગરીબી અને ધર્મનો એક અતૂટ સંબંધ છે. અને એનાથી એ નક્કી કરવું મુશ્કેલ બની જાય છે કે શું ગરીબ દેશ ધર્મના કારણે ગરીબ છે કે પછી ગરીબીને કારણે ધાર્મિક છે? આનો જવાબ હજુ પણ અનુત્તર જ રહ્યો છે.

કેન્દ્ર સરકારના સંસ્કૃતિ મંત્રાલય હેઠળ કાર્યરત સંગીત નાટક અકાદમીના 'ઉસ્તાદ બિસ્મિલ્લાખાં રાષ્ટ્રીય યુવા પુરસ્કાર માટે ત્વિષા વ્યાસની પસંદગી

દક્ષિણ ગુજરાતનું નગર બારડોલી... જ્યા સાંજ ઢળતા જ ગરબાના તાલ ગુંજે છે. અહીં એક તાલીમ કેન્દ્રમાં યુવા દીકરીઓ ગરબા શીખી રહી છે. દીકરીઓને એક યુવા કલાકાર ધીરજપૂર્વક ગરબામાં દરેક હાવભાવ, દરેક તાલ અને દરેક પગલાની બારીકીઓ સમજાવે છે.આ યુવા કલાકારનું નામ છે. -સુશ્રી ત્વિષા કિલ્લોલકુમાર વ્યાસ.

લોકનૃત્ય 'ગરબા' ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ કેન્દ્ર સરકારના સંસ્કૃતિ મંત્રાલય હેઠળ કાર્યરત સંગીત નાટક અકાદમી દ્વારા વર્ષ ૨૦૨૫ના 'ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાં યુવા રાષ્ટ્રીય પુરસ્કાર'માટે શ્રી ત્વિષા વ્યાસની પસંદગી થઈ છે.

ત્વિષા વ્યાસને આ સન્માન એવા સમયે મળ્યું છે જ્યારે થોડાં વર્ષો પહેલાં જ યુનેસ્કોએ ગુજરાતના પરંપરાગત ગરબાને અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સ્થાન આપ્યું.

ગરબા માત્ર લોકનૃત્ય નહીં, એક જીવનદર્શન

બારડોલી ખાતે વી.કિલ્લોલકુમાર ગ્રુપ ઓફ મ્યુઝિક & નૃત્ય એકેડેમી ધરાવતા શ્રી ત્વિષા વ્યાસના મત મુજબ "ગરબા એ આસ્થા, સંસ્કૃતિ અને સામૂહિક ઓળખની જીવંત અભિવ્યક્તિ છે." ત્વિષા વ્યાસની આ જ વિચારધારા તેમની કલાયાત્રાનો આધાર બની. મોટા ભાગના લોકો માટે લોકનૃત્ય સ્વરૂપે ગરબા શીખે છે, ત્યારે ત્વિષા વ્યાસએ ગરબાના મૂળ સ્વરૂપ, પરંપરા, આધ્યાત્મિકતા અને સાંસ્કૃતિક અર્થને સમજવા માટે સાધના કરી.

ત્વિષા વ્યાસ : ગરબા સાથે અંગ્રેજી સાહિત્ય અને સંગીત-નૃત્યમાં ખેડાણ

ત્વિષા વ્યાસની ઓળખ માત્ર લોકનૃત્ય સુધી મર્યાદિત નથી. તેઓએ અંગ્રેજી સાહિત્યમાં અનુસ્નાતકનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. સાથોસાથ તેઓ સારા વાયોલિન વાદક પણ છે.ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ, શ્રી રામનાથ કોવિંદજી, શ્રી આનંદજી કલ્યાણ સમક્ષ વાયોલિન વાદન કરી ચૂક્યા છે. તેઓ માસ્ટર ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ **M.P.A** તથા ભરતનાટ્યમમાં **M.A** - 'અલંકાર' ગોલ્ડ મેડાલિસ્ટ છે. તેઓ વાયોલિન ઉપરાંત મેન્ડોલિન, વાંસળી, હાર્મોનિયમ તથા તબલા , જેવા અનેક વાદ્યોમાં પણ નિપુણ છે. નૃત્ય અને સંગીત બંને ક્ષેત્રમાં પ્રાપ્ત આ વ્યાપક તાલીમે ત્વિષા વ્યાસને લય, અભિવ્યક્તિ અને રજૂઆતની વિશિષ્ટ સમજ આપી છે, એક સંગીતકાર હોવાનો અનુભવ ગરબામાં ઉમેર્યો છે જે તેમની દરેક ગરબા પ્રસ્તુતિમાં ઝળકે છે.

ત્વિષા વ્યાસ ગુજરાત સરકાર દ્વારા આયોજીત આંતરરાષ્ટ્રીય તરણેતરના મેળા, ચોટીલા ઉત્સવ, મોઢેરા ઉત્સવ, ડાકોર ફાગણોત્સવ, વસંતોત્સવ, **G-20,** ગુજરાત ગૌરવ અભિયાન, અંબાજી મહોત્સવ, સહિતના અનેક પ્રતિષ્ઠિત સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પોતાની કલા પ્રસ્તુત કરી ચૂક્યાં છે. કલા મહાકુંભ, યુવા ઉત્સવ જેવી સરકારની વિવિધ સ્પર્ધામા નિર્ણાયક તરીકેની સેવા આપી રહ્યા છે. ગુજરાતની સીમાઓની બહાર પણ તેમણે રાજસ્થાન, ઓડિશા, આંધ્ર પ્રદેશ, મણિપુર, કલકત્તા, ઝારખંડ, અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોમાં ગુજરાતના ગરબા અને લોકસંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

વારસાના સંવર્ધનની સહિયારી જવાબદારી

ત્વિષા વ્યાસ માટે આ રાષ્ટ્રીય સન્માન સફરનો અંત નથી, પરંતુ નવી જવાબદારીની શરૂઆત છે. તેઓ દ્રઢપણે માને છે કે નવી પેઢી એ ગરબાને માત્ર મનોરંજન તરીકે નહીં, પરંતુ આપણા સાંસ્કૃતિક વારસાના જીવંત સ્વરૂપ તરીકે સમજવા જોઈએ. અને તેની પવિત્રતા અને મૂળભૂત પરંપરા જળવાઈ રહે તે માટે આપણે સૌએ સહિયારા પ્રયત્ન કરવો જોઈએ."ત્વિષા વ્યાસનો આ વિચાર આજના સમયમાં વધુ મહત્વનો બની જાય છે, જ્યારે પરંપરાગત કલાઓ આધુનિક જીવનશૈલી અને વ્યાવસાયિક મનોરંજન વચ્ચે પોતાનું સ્થાન જાળવવા માટે પ્રયત્નશીલ છે, ત્યારે

ત્વિષા વ્યાસ જેવા યુવા કલાકારો પરંપરા અને આધુનિકતા વચ્ચેનો સેતુ બની રહ્યા છે. તેઓ દર્શાવે આધુનિકતા વચ્ચે પણ વારસાનું જતન કરવું કપરું નથી.

ગુજરાતની લોકકલાનું બહુમાન

ત્વિષા વ્યાસની સિદ્ધિ માત્ર વ્યક્તિગત સફળતા નથી, પણ તે ગુજરાતની સમૃદ્ધ લોકસંસ્કૃતિનું બહુમાન છે.આજે જ્યારે લોકપ્રિયતા સફળતાનો માપદંડ ગણાય છે , ત્યારે ત્વિષા વ્યાસની સફર શાંત સાધના, વર્ષોની મહેનત અને સંસ્કૃતિ પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતાની અલગ જ કહાની રજૂ કરે છે.

બારડોલીના ગરબાના ચોકથી દેશના સર્વોચ્ચ યુવા કલા સન્માન સુધીની ત્વિષા વ્યાસની સફર આપણને યાદ અપાવે છે કે પરંપરાઓ ત્યારે જ જીવંત રહે છે, જ્યારે નવી પેઢી તેને માત્ર વારસામાં મેળવતી નથી, પરંતુ ગૌરવપૂર્વક આગળ પણ ધપાવે છે.

અને કદાચ... આ રીતે જ સંસ્કૃતિનું જતન,સંવર્ધન પ્રચાર પ્રસાર થતું રહે છે.

- હરેશ્વરી રાબા

૨૯ અને ૩૦ જૂન દરમિયાન હાઉસ ટુ હાઉસ ફરીને આરોગ્ય કર્મીઓ ટીપાં પીવડાવશે

રાજ્યવ્યાપી પલ્સ પોલિયો અભિયાનનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો



બાળલકવા નાબૂદી માટે "પલ્સ પોલિયો અભિયાન" અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે બાળકોને પોલિયો રસી ના ટીપાં પીવડાવીને પોલિયો વિરોધી રસીકરણનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. આ અભિયાન અંતર્ગત રાજ્યના ૦ થી ૫ વર્ષની વય જૂથના ૮૩ લાખ ૪૯ હજારથી વધુ બાળકોને આવરી લેવામાં આવશે. આ હેતુસર રાજ્યભરમાં ૩૨,૯૯૭ પોલિયો બુથ પરથી આરોગ્ય વિભાગના ૬,૫૯૯ સુપરવાઈઝર્સના માર્ગદર્શનમાં કુલ ૬૫,૯૯૪ આરોગ્ય ટીમ બાળકોને ટીપાં પીવડાવવાની કામગીરીમાં જોડાશે.૨૮ જૂન ૨૦૨૬ના રવિવારને પોલિયો રવિવાર તરીકે મનાવીને આ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે એટલું જ નહિ તારીખ ૨૯ અને ૩૦ જૂનના દિવસોએ આરોગ્ય કર્મીઓ હાઉસ ટુ હાઉસ ફરીને ૦ થી ૫ વર્ષના ભૂલકાઓને પોલિયો ટીપાં પીવડાવશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનસેરિયા ની ઉપસ્થિતિ માં ભૂલકાઓને પોલિયો રસીના ટીપાં પીવડાવી આ અભિયાનનો પ્રતિકાત્મક પ્રારંભ ગાંધીનગરના મેયર શ્રી મીરાબેન પટેલ, ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, શહેર ભાજપ પ્રમુખ શ્રી આશિષ દવે, આરોગ્ય અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનો, આરોગ્ય કમિશનર ડો. રતનકવર ગઢવી અને ભૂલકાઓના માતા-પિતા તેમજ આરોગ્ય અધિકારીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતાં.

હાઈટેક સવારી, ઝીરો પ્રદૂષણ એટલે PM eBus Sewa

ગાંધીનગરના આંગણે પર્યાવરણ-મૈત્રી પરિવહનનો નવો સૂર્યોદય: શરૂ થઈ 'PM eBus Sewa'

ગાંધીનગર સ્માર્ટ સિટી બનવા તરફ વધુ એક ઐતિહાસિક કદમ ભરી રહ્યું છે. દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરદર્શી નેતૃત્વ હેઠળ શરૂ કરાયેલી **'PM-eBus Sewa'** યોજના અંતર્ગત હવે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આધુનિક, સ્વચ્છ અને ગ્રીન પબ્લિક ટ્રાન્સપોર્ટ સેવાઓનો દબદબાભેર શુભારંભ થઈ ચૂક્યો છે. સમગ્ર દેશના શહેરી વિસ્તારોમાં પ્રદૂષણમુક્ત અને સુગમ વાહનવ્યવહાર પૂરો પાડવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૫૭,૬૧૩ કરોડના કુલ અંદાજિત ખર્ચ સાથે આ યોજના અમલમાં મૂકાઈ છે, જેમાં કેન્દ્ર સરકારનો હિસ્સો રૂ. ૨૦,૦૦૦ કરોડનો છે. **Public-Private Partnership** એટલે કે **PPP** મોડેલ પર આધારિત આ મહત્ત્વાકાંક્ષી અભિયાન હેઠળ સમગ્ર દેશમાં ૧૦,૦૦૦ ઈલેક્ટ્રિક બસો તૈનાત કરવાનું લક્ષ્ય છે. આ યોજના અંતર્ગત ગાંધીનગર શહેરને કુલ ૧૦૦ ઈલેક્ટ્રિક મિડી બસોની ફાળવણી કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્થાપિત **Gandhinagar Greenline Transport Service Limited -GGTSL** મારફતે આ યોજનાનું સફળ અમલીકરણ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે, જેના પ્રથમ તબક્કા તરીકે ૪૦ આધુનિક એ.સી. ઈ-બસોને લીલી ઝંડી આપીને નિયમિત રૂટો પર કાર્યરત કરવામાં આવી છે. નાગરિકોની સેવામાં ઉમેરવામાં આવેલી આ નવી ઈ-બસો માત્ર પર્યાવરણને જ અનુકૂળ નથી, પરંતુ મુસાફરોની સુરક્ષા અને સવલતની દ્રષ્ટિએ પણ બેજોડ છે. ૯ મીટર લાંબી આ સંપૂર્ણ એર-કન્ડિશન્ડ મિડી બસોમાં ૨૫ મુસાફરોની બેઠક ક્ષમતા ઉપરાંત ૧૩ મુસાફરો ઉભા રહે એ માટે આરામદાયક સુવિધા ઉપલબ્ધ છે. ખાસ કરીને દિવ્યાંગ નાગરિકો માટે બસમાં હાઈડ્રોલિક રેમ્પ/પ્લેટફોર્મ સહિતની સંપૂર્ણ અક્સેસિબિલિટી સુવિધા આપવામાં આવી છે. આ સાથે જ મહિલા મુસાફરો માટે ૪ બેઠકો અને વરિષ્ઠ નાગરિકો માટે પણ ૪ બેઠકો અનામત રાખવામાં આવી છે. 'ડિજિટલ ઈન્ડિયા'ના સ્વપ્નને સાકાર કરવાના એક નક્કર પગલાંરૂપે તમામ બસોમાં **Electronic Ticketing Machine -ETM** સ્થાપિત કરવામાં આવ્યા છે, જેનાથી મુસાફરો ઊઈ કોડ, **UPI** અને અન્ય ડિજિટલ-કેશલેસ માધ્યમો દ્વારા સરળતાથી ભાડાની ચૂકવણી કરી શકશે.

ઈ-બસ સેવાના નિર્વિઘ્ન અને અવિરત સંચાલન માટે સરગાસણ ખાતે અંદાજે રૂ. ૧૭ કરોડના ખર્ચે અત્યાધુનિક ડેપો અને ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં આવ્યું છે, જ્યાં આધુનિક ચાર્જિંગ સ્ટેશન, મેન્ટેનન્સ વ્યવસ્થા અને ઓપરેશનલ કંટ્રોલ સિસ્ટમ જેવી ટેકનિકલ સુવિધાઓ ઊભી કરાઈ છે. નાગરિકોની સુવિધા માટે ગાંધીનગર શહેર અને તેની આસપાસના વિસ્તારોને સાંકળતા ૧૮ વૈજ્ઞાનિક ધોરણે આયોજનબદ્ધ રૂટો નક્કી કરાયા છે. આ નેટવર્ક અંતર્ગત સરગાસણ, પાથિકાશ્રમ, સચિવાલય, ગાંધીનગર રેલવે સ્ટેશન, મહાત્મા મંદિર, ગિફ્ટ સિટી , ચિલોડા, દહેગામ, કડી, કલોલ, ચાંદખેડા, ધમાસણ, નારદિપુર, સોનિપુર, કોથા, આદરજ મોટી, ટીંટોડા, **IIT** ગાંધીનગર, ડભોડા અને માણસા સહિતના વિસ્તારોને આવરી લેવાયા છે. સામાન્ય નાગરિકોને પોષાય તેવા હેતુથી મુસાફરીનું ભાડું અંતરના આધારે ન્યૂનતમ રૂ. ૫ થી મહત્તમ રૂ.૩૦ નિર્ધારિત કરવામાં આવ્યું છે. જેમાં ૩ કિમીથી ઓછા અંતર માટે રૂ. ૫, ૩ થી ૫ કિમી માટે રૂ. ૧૦, ૫ થી ૮ કિમી માટે રૂ. ૧૫, ૮ થી ૧૪ કિમી માટે રૂ. ૨૦, ૧૪ થી ૨૦ કિમી માટે રૂ. ૨૫ અને ૨૦ કિમીથી વધુ અંતર માટે રૂ. ૩૦ ભાડું રહેશે.

પશ્ચિમ રેલ્વે

મટીરીયલ મેનેજમેન્ટ વિભાગ

વિવિધ સામગ્રી પરવઠો

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર સૂચના નંબર S/32/2026 તારીખ 23.06.2026

ક્ર.નં.	ટેન્ડર નંબર	વસ્તુઓનું ટૂંકું વર્ણન	જથ્થો	T.O.D.
257	15260675	ફીડ પાઇપ માટે એર બ્રેક હોઝ કપલિંગ	24753 નંગ	10-ઓગસ્ટ-26
258	15262058	પ્રાથમિક વર્ટિકલ ડેમ્પર	8238 નંગ	07-ઓગસ્ટ-26
259	15260610	નોન એસ્બેસ્ટોસ આધારિત K પ્રકારનું ઉચ્ચ ઘર્ષણ સંયુક્ત બ્રેક બ્લોક	135950 નંગ	03-ઓગસ્ટ-26
260	15251204C	સાઇડ બફર એસેમ્બલી માટે ફાસ્ટનર્સનો સેટ	38936 નંગ	27-જુલાઈ-26
261	18262181	સ્લિપ ફ્રી ફિનિશ સ્ટેનલેસ સ્ટીલ	29997 કિ.ગ્રા.	27-જુલાઈ-26
262	06261305A	રેલ્વે કેરેજ ફ્રેન 110 V	2543 નંગ	24-જુલાઈ-26
263	06263002	ડ્રાય ટાઇપ પાવર ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર	39 નંગ	24-જુલાઈ-26
264	04261916	રંગ: કાળો	144593 લિ.	23-જુલાઈ-26
265	22262670A	ઇલેક્ટ્રિક લોકઓએસ માટે LED આધારિત ફ્લેશર લાઇટ યુનિટ	371 સેટ	22-જુલાઈ-26
266	04262122	RCF સ્પેક મુજબ પ્લાયવુડ / એલ્યુમિનિયમ / સ્ટેનલેસ સ્ટીલ સાથે PVC અને રેક્સીન કાપડને પેસ્ટ કરવા માટે ફાયર રિટાડન્ટ પોલીક્લોરોપ્રીન રબર આધારિત એડહેસિવ. નં. MDTS %u2013237, રેવ. શૂન્ય એપ્રિલ-2012 અથવા નવીનતમ. 05 લિટર પેકમાં પેકિંગ	64069 લિ.	22-જુલાઈ-26
267	07261326A	સીલ કરેલ જાળવણી મુક્ત VRLA બેટરી સેટ 60 સેલ (સ્ટેકેબલ), 2 વોલ્ટ/200 AH ક્ષમતા	34 સેટ	22-જુલાઈ-26
268	15260500	એક્સલ બોક્સ હાઉસિંગ ફિનિશ મશીન્ડ	417 નંગ	22-જુલાઈ-26
269	22263615	પેન્ટોગ્રાફ એસ્લી. પૂર્ણ	14 નંગ	21-જુલાઈ-26
270	22263359	વિવિધ પ્રકારની કીટ વસ્તુઓ	273 સેટ 11 નંગ	20-જુલાઈ-26
271	26261017A	પૂરવઠા માટે એક વર્ષની યાલી રહેલ કરાર I) RT_4218 માટે NCR GRSP ii) RT_4219 માટે NCR GRSP iii) RT 4220 માટે NCR GRSP	5265 સેટ	20-જુલાઈ-26

વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in અને wr.indianrailways.gov.in ની મુલાકાત લો. 0303

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly

પશ્ચિમ રેલ્વે

વરિષ્ઠ વિભાગીય વાણિજ્ય - મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલ્વે ડિવિઝનીય રેલ્વે મેનેજર, વાણિજ્ય વિભાગ, NFR સેક્શન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008.

કાર્ય - મુંબઈ ડિવિઝન પર વિવિધ NFR માધ્યમો દ્વારા જાહેરાતનું પ્રદર્શન.

હરાજી કેટલોગ નંબર	હરાજી શરૂ (બધા લોટ)
MMCT-ADVTM26-13	09-07-26, 14:00:00

ક્રમ નં.	લોટ નંબર	સ્થાન / વિસ્તાર	દિવસો	ઈ-હરાજીની અંતિમ તારીખ અને સમય
1	MSS-BCT-CCG-PrKiosk-104-26-2 (વિવિધ-સ્થિર-સેવાઓ-પ્રમોશનલ કિઓસ્ક)	મુંબઈ ડિવિઝનના રેલ્વે સ્ટેશનો પર વર્ચ્યુઅલ બ્રાન્ડ પ્રમોશનલ કિઓસ્ક (VBPK) નો વિકાસ, સંચાલન અને સંચાલન	1826	09-07-26 14:30:00

હરાજી કેટલોગ નંબર	હરાજી શરૂ (બધા લોટ)
MMCT-ADVT-26-25	09-07-26, 15:00:00

ક્રમ નં.	લોટ નંબર	સ્થાન / વિસ્તાર	દિવસો	ઈ-હરાજીની અંતિમ તારીખ અને સમય
1	ADVT-BCT-KHAR-OH-497-26-1 (જાહેરાત - ઘરની બહાર)	ખાર રોડ સ્ટેશન (પશ્ચિમ) પર દિવાલ પર પશ્ચિમ તરફ મુખ રાખીને LED ઇન્સ્ટોલ કરીને 5 વર્ષના સમયગાળા માટે જાહેરાત પ્રદર્શિત કરવા માટેના જથ્થાબંધ જાહેરાત અધિકારો.	1826	09-07-26 15